# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૫૮ | ૧૧ માર્ચ, ૨૦૧૯, સોમવાર; ફાગણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# લોકસભા ચૂંટણી સાત તબક્કામાં યોજાશે

**ચૂંટણી કાર્યક્રમ જાહેર કરાતાની સાથે આચારસંહિતા તરત અમલી કરાઈ : ઉત્તરપ્રદેશ, બિહાર અને બંગાળમાં સાત તબક્કાઓમાં અને ગુજરાતમાં એક તબક્કામાં મતદાન : વર્ષ ૨૦૧૪ની તુલનામાં ૮.૪ કરોડ મતદાર વધી ગયા : હવે ૧૭મી લોકસભામાં સત્તા ચાવી કોની પાસે તે અંગે ૨૩મી મેએ ફેંસલો**

## ક્યાં કયા તબક્કામાં મતદાન

### પ્રથમ તબક્કામાં મતદાન

આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, ગોવા, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, કેરળ, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, પંજાબ, સિક્કીમ, તેલંગાણા, તમિળનાડુ, આંદામાન નિકોબાર, દાદરા નગરહવેલી, દમણ અને દિવ, લક્ષ્યદ્વિપ, દિલ્હી, પોંડીચેરી, ચંદીગઢ, ઉત્તરાખંડ. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ બેઠક પર ૧૧મી એપ્રિલે મતદાન

### બીજા તબક્કામાં મતદાન

કર્ણાટક, મણિપુર, રાજસ્થાન અને ત્રિપુરા. બીજા તબક્કા માટે ૧૮મી એપ્રિલે મતદાન થશે

### ત્રીજા તબક્કામાં મતદાન

આસામ અને છત્તીસગઢમાં ત્રીજા તબક્કામાં ૨૩મી એપ્રિલના દિવસે મતદાન થશે

### ચોથા તબક્કામાં મતદાન

ઝારખંડ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઓરિસ્સામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન થશે

### પાંચમા તબક્કામાં મતદાન

જમ્મુ કાશમીરમાં છઠ્ઠી મેના દિવસે મતદાન

### છઠ્ઠા તબક્કામાં મતદાન


સાત રાજ્યોમાં ૫૯ બેઠકો ઉપર મતદાન થશે. છઠ્ઠા તબક્કામાં ૧૨મી મેના દિવસે મતદાન

### સાતમાં તબક્કામાં મતદાન

સાતમાં તબક્કામાં બિહાર, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ સહિત સાત રાજ્યોમાં ૫૯ સીટ પર મતદાન થશે. ૧૯મી મેના દિવસે મતદાન થશે

નવીદિલ્હી,તા. ૧૦

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે આજે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું છે. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે. તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે.



આનો મતલબ એ થયો કે, ૧૭મી લોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થશે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૯૭ સીટ ઉપર મતદાન થશે. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થશે. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોની ૫૧ સીટો ઉપર મતદાન થશે. છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યોની ૫૯ સીટો ઉપર મતદાન થશે જ્યારે સાતમા અને અંતિમ તબક્કા માટે આઠ રાજ્યોની ૫૯ સીટ ઉપર મતદાન થશે. દિલ્હીમાં છઠ્ઠા તબક્કામાં ૧૨મી મેના દિવસે મતદાન થશે.

સૌથી વધારે ઉત્તરપ્રદેશ, બિહાર અને બંગાળમાં સાતમાં રાઉન્ડમાં મતદાન થશે અને તમામ તબક્કામાં અહીં મતદાન થનાર છે. ૨૨ રાજ્યોમાં એક તબક્કામાં મતદાન થશે. તમામ મતદાન મથકો ઉપર વીવીપેટની વ્યવસ્થા કરવામાં આવી છે. આનાથી વોટરો એ બાબતને જાણી શકશે કે, તેમના મત યોગ્ય ઉમેદવારને પડ્યા છે કે કેમ. આ વખતે ઈવીએમની અનેક સ્તર પર સુરક્ષાની ખાતરી કરવામાં આવી છે. દરેક ઉમેદવારને ફોર્મ ૨૬ ભરવાની ફરજ પડશે.

દેશભરમાં કુલ ૧૦ લાખ પોલિંગ સ્ટેશનો ઉપર મતદાન કરાવવામાં આવશે. ૨૦૧૪માં આ સંખ્યા ૯ લાખ હતી. તમામ મતદાન કેન્દ્રો ઉપર આ વખતે સીસીટીવી કેમેરા હશે અને ચૂંટણી પ્રક્રિયાની વિડિયોગ્રાફી કરવામાં આવશે. ચૂંટણી પ્રચાર માટે ઈકોફ્રેન્ડલી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવશે. ચૂંટણી પ્રચાર માટે તમામને કેટલાક નિયમો પાળવા પડશે. કોઈપણ ઉમેદવાર અખબારમાં ત્રણ વખત જાહેરાત આપી શકશે. જો કોઈ ઉમેદવાર પોતાના પાન કાર્ડની માહિતી નહીં આપે તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે. આ ઉપરાંત ઉમેદવાર ચૂંટણી પ્રચાર માટે રાત્રે ૧૦ વાગ્યાથી લઈને સવારે છ વાગ્યા સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકશે નહીં. સોશિયલ મિડિયા ઉપર ખર્ચ કરવામાં આવેલી રકમને પણ ઉમેદવારોના ચૂંટણી ખર્ચમાં જોડી દેવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## કયા તબક્કામાં કઈ તારીખે મતદાન

- પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૧૧મી એપ્રિલે ૯૧ સીટ માટે મતદાન યોજાશે
- બીજા તબક્કામાં ૧૩ રાજ્યોમાં ૯૭ સીટ પર ૧૮મી એપ્રિલે મતદાન યોજાશે
- ત્રીજા તબક્કામાં ૧૪ રાજ્યોમાં ૧૧૫ સીટો પર ૨૩મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે
- ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં ૭૧ સીટ ઉપર ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજવામાં આવશે
- પાંચમાં તબક્કામાં સાત રાજ્યોમાં ૫૧ બેઠકો ઉપર ૬ઠ્ઠી મેના દિવસે મતદાન યોજાશે
- છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યમાં ૫૯ સીટ પર ૧૨મી મેના દિવસે મતદાન યોજાશે
- સાતમા અને અંતિમ તબક્કામાં આઠ રાજ્યોમાં ૫૯ સીટ પર ૧૯મી મેના દિવસે મતદાન યોજાશે

## જમ્મુ કાશ્મીરમાં સુરક્ષાના કારણોસર હમણાં ચૂંટણી નહિ

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે આજે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું છે. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે. જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી લોકસભાની સાથે નહીં યોજવાનો સુરક્ષાના કારણોસર નિર્ણય કરવામાં આવ્યો છે.

## લોકસભા ચૂંટણીની સાથે સાથે

- લોકસભાની ચૂંટણી ૭ તબક્કામાં યોજવા માટેની જાહેરાત કરાઈ
- લોકસભાની ચૂંટણી ૧૧મી એપ્રિલથી ૧૯મી મે વચ્ચે યોજાશે
- લોકસભાની ચૂંટણી માટે મતગણતરી ૨૩મી મેના દિવસે યોજાશે
- બિહાર અને ઉત્તારપ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં સાત તબક્કામાં ચૂંટણી યોજાશે
- જમ્મુ કાશ્મીરમાં પાંચ તબક્કામાં ચૂંટણી યોજાશે
- ઝારખંડ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઓરિસ્સામાં ચાર તબક્કામાં ચૂંટણી યોજાશે
- આસામ અને છત્તીસગઢમાં ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાશે
- કર્ણાટક, મણિપુર, રાજસ્થાન અને ત્રિપુરામાં બે તબક્કામાં મતદાન યોજાશે
- એક તબક્કામાં આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, ગોવા, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, કેરળ, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, પંજાબ, સિક્કિમ, તેલંગાણા, તમિળનાડુ, ઉત્તરાખંડ, આંદામાન અને નિકોબાર, દાદરા અને નગર હવેલી, દમણ અને દિવ, લક્ષ્યદ્વીપ, દિલ્હી, પોંડીચેરી અને ચંદીગઢનો સમાવેશ થાય છે
- પહેલા તબક્કામાં ૨૦ રાજ્યમાં ૯૧ બેઠકો ઉપર ચૂંટણી યોજાશે
- બીજા તબક્કામાં ૧૩ રાજ્યોમાં ૯૭ બેઠકો ઉપર ચૂંટણી યોજાશે
- સાતમાં તબક્કામાં ૮ રાજ્યોમાં ૫૯ સીટ ઉપર ચૂંટણી યોજાશે
- આ વખતે કુલ મતદારોની સંખ્યા આઠ કરોડ ૪૩ લાખ નોંધાઈ છે
- ૯૦ કરોડ મતદારો ઉમેરાઈ ગયા છે
- ૧૮થી ૧૯ વર્ષની વયના દોઢ કરોડ મતદારો નોંધાયા છે
- ૯૯.૩ ટકા મતદારોની પાસે વોટર કાર્ડ ઉપલબ્ધ છે
- આ વખતે લોકસભાની ચૂંટણીમાં પણ નોટાનો ઉપયોગ કરવામાં આવશે
- ૧૫૯૦ ઉપર ફોન કરીને ઉમેદવારો તેમના નામની ચકાસણી કરાવી શકશે
- દેશમાં લોકસભાની ચૂંટણી ૧૦ લાખ બૂથ ઉપર યોજાશે
- ઈવીએમમાં આ વખતે ઉમેદવારોના ફોટા પણ મુકવામાં આવશે
- તમામ પોલિંગ બૂથ ઉપર વીવીપેટની વ્યવસ્થા રહેશે
- ચૂંટણી કાર્યક્રમની જાહેરાતની સાથે જ આચારસંહિતા તાત્કાલિક ધોરણે અમલી બની ગઈ છે
- મતદાનથી ૪૮ કલાક પહેલા લાઉડ સ્પીકર પર પ્રતિબંધ રહેશે
- પુરતી સંખ્યામાં પોલીસ અને સીઆરપીએફના જવાનો ગોઠવવામાં આવશે
- રાત્રે ૧૦ વાગ્યાથી સવારે છ વાગ્યા સુધી કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહીં
- સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની વિડિયોગ્રાફી કરવામાં આવશે
- આચારસંહિતાનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે
- અપરાધિક રેકોર્ડ ધરાવનાર ઉમેદવારને તમામ માહિતી એફિડેવિટમાં રજૂ કરવી પડશે
- ઉમેદવારને પાન કાર્ડ નંબર નહીં લખવાની સ્થિતિમાં તેમના પત્રકો રદ કરવામાં આવશે
- કન્ટ્રોલ રુમમાં ચોવીસ કલાક માટે ટોલ ફ્રીની વ્યવસ્થા કરવામાં આવી છે
- પોલિંગ અધિકારીઓની ગાડીમાં જીપીએસ ટ્રેકિંગ સિસ્ટમની વ્યવસ્થા રહેશે
- દેશના અતિસંવેદનશીલ વિસ્તારોમાં સીઆરપીએફ જવાનોની તૈનાતી કરાશે
- ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ માટે ખાસ એપની રચના કરવામાં આવી છે
- ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ બાદ કલાકોના ગાળામાં જ કાર્યવાહી કરાશે
- ચૂંટણી કાર્યક્રમ જાહેર કરતી વેળા તમામ સંબંધિતો સાથે વાતચીત કરવામાં આવી છે
- તહેવારો અને પરીક્ષાઓના કાર્યક્રમોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે
- આ વખતે ચૂંટણી પ્રક્રિયા વધુ પારદર્શક બનાવવા માટે કેટલાક નવા પ્રયોગો કરવામાં આવ્યા છે
- બીજા તબક્કામાં ચૂંટણીને લઈને પણ કોઈ કચાસ ન રહે તે માટે પગલા લેવાયા છે

# ગુજરાતમાં ૨૩મી એપ્રીલે મતદાન

**૨૮ માર્ચથી ઉમેદવારી પત્ર ભરી શકાશે : જ્યારે ૪થી એપ્રીલ ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ : ૨૬-૨૬ બેઠકો માટે એક જ તબક્કામાં મતદાન થશે : રાજ્યમાં ૫૧૭૦૯ મતદાન મથકો પર ૪.૪૭ કરોડ મતદારો મતદાન કરશે**

ગાંધીનગર, તા.૧૦

ભારતનાં ચૂંટણી પંચે તા. ૧૦-૦૩-૨૦૧૯નાં રોજ લોકસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો. તે તારીખથી સમગ્ર ગુજરાત રાજ્યમાં ચૂંટણી આચાર સંહિતાનો ચુસ્તપણે પાલન કરવા રાજ્યનાં મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીએ સૂચનાઓ જારી કરી છે અને તેના અસરકારક અમલી કરણ માટે વહીવટીતંત્રને જણાવવામાં આવ્યું છે.

ચૂંટણીઓ અંગે વિગતવાર માહિતી આપતા રાજ્યનાં મુખ્ય નિર્વાચન અધિકારી ડો. એસ. મુરલીક્રિષ્નને જણાવ્યું કે ગુજરાત રાજ્યની ૨૬ બેઠકો માટે તા. ૨૩ એપ્રીલના રોજ મતદાન યોજાનાર છે. તા. ૨૮ માર્ચ થી. ૪ એપ્રીલ સુધી ઉમેદવારો તેમના ઉમેદવારી પત્રો સવારે ૧૧.૦૦ કલાકથી બપોરનાં ૦૩.૦૦ કલાક સુધી ભરી શકશે. સમગ્ર મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૨૩મી મેના રોજ ગુજરાત સહિત દેશની તમામ બેઠકોની મતગણતરી થશે. અને ૨૭મી મે, ૨૦૧૯નાં રોજ લોકસભા ચૂંટણીઓ ૨૦૧૯ પૂર્ણ થશે, એમ મુખ્ય નિર્વાચન

● અનુસંધાન પાન-૭ પર



# નૈરોબી જતું ઈથોપિયન એરલાઈન્સનું વિમાન ક્રેશ

**૧૫૭ના મોતની આશંકા : આ વિમાનમાં ૧૪૯ મુસાફરો અને ૮ ક્રૂ મેમ્બર્સ હતા : ૮.૩૮ વાગે ટેક ઓફ કર્યુ અને ૮.૪૪ વાગે ક્રેશ થયું : મૃતકોમાં ૩૩ દેશના નાગરિકો સવાર હતા**



અદિસ અબાબા,તા.૧૦

ઈથોપિયાની રાજધાની અદિસ અબાબાથી કેન્યાની રાજધાની માટે રવાના થયેલા ઈથોપિયન એરલાયન્સનું વિમાન ક્રેશ થયું છે, આ વિમાન પર ૧૪૯ મુસાફર અને ૮ ક્રુ મેમ્બર સવાર હતા, સ્થાનિક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વિમાનમાં સવાર તમામ ૧૫૭ લોકોનાં મોતની આશંકા સેવાઈ રહી છે. મૃતકોમાં ૩૩ દેશના નાગરિકો સવાર હતા. ઈથોપિયાના વડાપ્રધાન કાર્યાલયે દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે.

આ દુર્ઘટના આજે સવારે ૮.૪૪ વાગ્યે થઈ હતી. વિમાને એડીસ અબાબાથી ૮.૩૮ વાગ્યે ટેક ઓફ કર્યું હતું અને ૮.૪૪

● અનુસંધાન પાન-૭ પર











